ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ.
Email:- registrar@kskvku.ac.in
ફોન નં. (02832) 235 700
Web : www.kskvku.ac.in

રેફ.નં.: ક.યુ./ઈન્ટર્નશીપ /૨૦૨૬–૨૭/૨૦૨૬ /2014 તા.૨૩/૧૦/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી / અધ્યક્ષશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો / અનુસ્નાતક ભવન
કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.

**વિષય :–** આપની સંસ્થા ખાતે કાર્યરત બી.એ. / બી.કોમ. અને બી.એસસી. તથા લાગુ પડતા અન્ય અભ્યાસક્રમ ના સેમેસ્ટર –૬ ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ કામગીરી બાબતે..

**સંદર્ભ :–** ૧. ઈન્ડસ્ટ્રીયલ લિસ્ટ અંગેનો કચ્છ યુનિવર્સિટીનો પત્ર ક્રમાંક : ક.યુ./૨૦૨૬/ઈન્ટર્નશીપ/૧૯૩૩ તા. ૧૪/૧૦/૨૦૨૬
૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી સાથે થયેલ ઓનલાઈન મિટિંગ તા. ૧૨/૧૦/૨૦૨૬

**શ્રીમાન,**

જયભારત સાથે ઉપરોક્ત વિષય અઅને સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષથી NEP 2020 ની જોગવાઈઓ મુજબ આપની સંસ્થા ખાતે બી.એ . / બી.કોમ. અને બી.એસસી. ના સેમેસ્ટર –૬ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે ૪ ક્રેડીટ (૧૨૦ કલાક) ની ઈન્ટર્નશીપ પૂર્ણ કરવાની અનિવાર્ય છે. જે અન્વયે સંદર્ભદર્શિત પત્ર – ૧ થી કચ્છ વિસ્તારની ઈન્ડસ્ટ્રીની યાદી આપને મોકલી આપવામાં આવેલ છે જે અંગે આપે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૧. આ કામગિરી કરવા આપની સંસ્થા ખાતે એક નોડલ ઓફીસરની નિમણૂંક કરવાની રહેશે. જેનું નામ , કોન્ટેકટ નંબર વિગેરે વિગતો યુનિવર્સિટીને દિન ૦૮ માં કુલસચિવશ્રીના ઈમેલ એડ્રેસ registrar@ kskvku.ac.in પર મોકલી આપવાની રહેશે.

૨. યુનિવર્સિટી દ્વારા આપને મોકલાવવામાં આવેલ ઈન્ડસ્ટ્રીના નામની યાદી મુજબ આપની સંસ્થાના વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસક્રમના વિષયને અનુરૂપ કઈ સંસ્થામાં પોતાની ઈન્ટર્નશીપ પૂર્ણ કરવા ઈચ્છે છે તેનું મેપીગ કરી દિવસ ૦૮ માં અત્રે મોકલાવી આપવાનું રહેશે તથા દરેક વિદ્યાર્થી ઈન્ટર્નશીપ કયાં અને કઈ રીતે પૂર્ણ કરશે તે સુનિશ્વિત કરવાનું રહેશે.

ઉપરોકત વિગતે વધુમાં જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ – ૨૭ થી રાજય સરકારશ્રી દ્વારા **'કૌશલ્ય સહાય યોજના'** બહાર પાડવામાં આવેલ છે જે યોજના અંતર્ગત જે વિદ્યાર્થી સેમેસ્ટર – ૬ ની ૪ ક્રેડીટ (૧૨૦ કલાક) ની ઈન્ટર્નશીપ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર પ્રત્યેક વિદ્યાર્થીને રૂા. ૨૦૦૦/– નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આ બાબતે સંસ્થાના નોડલ ઓફીસરશ્રી તથા

આચાર્યશ્રીએ  વિદ્યાર્થીએ પોતાની ઈન્ટર્નશીપ નિયમાનુસાર સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે તે અંગેની યોગ્ય ચકાસણી કરવાની રહેશે તથા આ સમગ્ર ઈન્ટર્નશીપ પ્રક્રિયા માટે યુનિવર્સિટી દ્વારા ઓરિએન્ટેશન / ટ્રેનિંગનું પણ આયોજન કરવામાં આવશે જે અંગેની વિગતવાર જાણ આપને આગામી દિવસોમાં કરવામાં આવશે જે વિદીત થાય.

આ કૌશલ્ય સહાય યોજના શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ – ૨૭ માત્ર સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો જે બી.એ. / બી.કોમ. / બી.એસસી. ચલાવી રહી છે તેમને જ લાગુ પડશે જે વિદીત થાય અન્યને આ યોજના ચાલુ વર્ષે મળવાપાત્ર નથી.

23/10/26

**કુલસચિવ**

**કચ્છ યુનિવર્સિટી, ભુજ**